સંગઠનમાં ફેરફારની અટકળો વચ્ચે તરુણ ચુઘની સક્રિયતા ચર્ચામાં

ભાજપનો તમામ ૧૮૨ બેઠકો પર એક જ દિવસે સ્નેહમિલન યોજવાનો નિર્ણય

ધારાસભ્યોને મતવિસ્તારમાં હાજર રહેવા સૂચના

પ્રદેશથી લઈને બૂથ સ્તર સુધી સંગઠન સક્રિય કરવાની કવાયત

ગાંધીનગર : ગાંધીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની મુલાકાત અને મુખ્યમંત્રી નિવાસસ્થાને મંત્રીમંડળ સાથેની મોડી રાત સુધી ચાલેલી બેઠક બાદ હવે ગુજરાત ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે યોજાયેલા સ્નેહમિલન સમારોહે રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. એક તરફ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે અત્યારથી જ સંગઠનને ચૂંટણીલક્ષી પ્રવૃત્તિઓમાં સક્રિય કરવાનું શરૂ કર્યું છે, તો બીજી તરફ પ્રદેશ સંગઠનમાં સંભવિત ફેરફારો, નેતાઓની જવાબદારીમાં બદલાવ અને સરકાર-સંગઠન વચ્ચેના સંકલનને લઈને પણ અટકળો તેજ બની છે. મોદીની મુલાકાતના ગણતરીના દિવસોમાં જ પ્રદેશ સ્તરે યોજાયેલી આ બેઠકને માત્ર નવા વર્ષની શુભેચ્છા મુલાકાત તરીકે નહીં, પરંતુ આગામી રાજકીય પડકારો માટેની સંગઠનાત્મક કવાયત તરીકે જોવામાં આવી રહી છે.

સોમવારે બપોરે ૩થી સાંજે ૬ વાગ્યા દરમિયાન ગાંધીનગર સ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ સ્તરીય સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ પ્રભારી તરુણ ચુઘ સહિત મંત્રીમંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો, પ્રદેશ સંગઠનના હોદ્દેદારો અને વિવિધ મોરચાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લેની સાથે આગામી વિધાનસભા ચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ સક્રિય બનાવવા પર ભાર મૂકાયો હતો. ખાસ કરીને સરકારની યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવા, કાર્યકરો સાથે સીધો સંપર્ક વધારવા અને મતવિસ્તાર સ્તરે સંગઠનની કામગીરીને વેગ આપવા અંગે ચર્ચા થઈ હતી.

ગુજરાત ભાજપના પ્રભારી તરીકે તરુણ ચુઘની નિમણૂક બાદ તેઓ રાજ્યમાં સંગઠનાત્મક બેઠકો અને પ્રવાસો દ્વારા પક્ષની કામગીરીની સમીક્ષા કરી રહ્યા છે. પ્રદેશથી લઈને જિલ્લા અને મોરચા સ્તર સુધીની કામગીરી, કાર્યકરોની સક્રિયતા અને સંગઠનના માળખા અંગેની સમીક્ષા વચ્ચે આગામી સમયમાં પ્રદેશ સંગઠનમાં ફેરફાર કે નવી નિમણૂકો થશે કે કેમ તે અંગે પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે.

જોકે, આજની બેઠકમાં સંગઠનાત્મક ફેરફારો અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. તેમ છતાં વડાપ્રધાનની તાજેતરની મુલાકાત, મંત્રીમંડળ સાથેની બેઠક અને ત્યારબાદ પ્રદેશ સ્તરે યોજાયેલી સંગઠનાત્મક બેઠકોના ઘટનાક્રમને કારણે ભાજપની આગામી રાજકીય વ્યૂહરચના અંગે ઉત્સુકતા વધી છે.

કાર્યકરો અને સ્થાનિક આગેવાનો સાથે સીધા સંવાદની ભાજપની નિતિ

કમલમ ખાતેના પ્રદેશ સ્તરીય કાર્યક્રમ બાદ હવે ભાજપે ૨૨ નવેમ્બરે રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર એક જ દિવસે સ્નેહમિલન યોજવાનું નક્કી કર્યું છે. આ માટે તમામ ધારાસભ્યોને પોતાના મતવિસ્તારમાં હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. કાર્યકરો અને સ્થાનિક આગેવાનો સાથે સીધો સંવાદ સાધવાની સાથે સામાન્ય જનતા સુધી પહોંચવા અને સરકારની વિવિધ યોજનાઓની માહિતી પહોંચાડવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે. આ આયોજનને ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પૂર્વે સંગઠનના પાયાને મજબૂત કરવાની કવાયત તરીકે જોવામાં આવે છે. રાજ્યની તમામ બેઠકો પર એકસાથે કાર્યક્રમ યોજીને પક્ષના કાર્યકરોને સક્રિય કરવા અને સ્થાનિક સ્તરે સંગઠનની સ્થિતિનો તાગ મેળવવાનો પણ પ્રયાસ થશે.

યુવા મોરચાની બેઠકમાં કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર નિશાન

કમલમ ખાતે સ્નેહમિલન ઉપરાંત ભાજપ યુવા મોરચાની પ્રદેશ બેઠક પણ યોજાઈ હતી. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ પ્રભારી તરુણ ચુઘના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બેઠકમાં આગામી યુવા મોરચાનાં અભિયાનો, યુવાનોને સંગઠન સાથે જોડવા અને રાજકીય મુદ્દાઓ પર જનસંપર્ક વધારવા અંગે ચર્ચા થઈ હતી. બેઠક દરમિયાન કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર પણ નિશાન સાધવામાં આવ્યું હતું. ભાજપના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ દ્વારા ખાસ સઘન મતદાર ચાદી સુધારણા (SIR) સહિતના મુદ્દાઓ પર યુવાનોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ મુદ્દે યુવા મોરચાના કાર્યકરોને લોકો અને યુવાનો વચ્ચે જઈને પક્ષનો પક્ષ રજૂ કરવા સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

Ph.D.માં કોમર્સમાં ૧૩૪, સોશિયલ વર્કમાં એક જ બેઠક

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ૩૨ વિષયની ૬૧૯ બેઠક જાહેર કરી

વિષયવાર બેઠકોમાં મોટો તફાવત, મેરિટ અને રોસ્ટર પ્રમાણે પ્રવેશ અપાશે

સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પીએચ.ડી.માં પ્રવેશની પ્રક્રિયા માટે ૩૨ વિષયોની કુલ ૬૧૯ બેઠકો જાહેર કરવામાં આવી છે. જોકે, વિષયવાર બેઠકોની સંખ્યામાં મોટો તફાવત જોવા મળ્યો છે. એક તરફ કોમર્સમાં સૌથી વધુ ૧૩૪ બેઠકો ઉપલબ્ધ છે, તો બીજી તરફ સોશિયલ વર્કમાં માત્ર એક જ બેઠક ફાળવવામાં આવી છે. આ સ્થિતિમાં પીએચ.ડી. કરવા ઇચ્છુક સંશોધનાર્થીઓ માટે વિષયની પસંદગી પ્રમાણે પ્રવેશની તકો અલગ-અલગ રહેશે.

યુનિવર્સિટીના એકેડેમિક વિભાગ દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મુજબ, મેરિટ અને રોસ્ટર સિસ્ટમના નિયમો અનુસાર પ્રવેશ આપવામાં આવશે. કોમર્સ બાદ ફિઝિયોથેરાપીમાં ૫૩, કેમિસ્ટ્રીમાં ૫૨, બાયોસાયન્સ અને કમ્પ્યુટર સાયન્સમાં ૩૭-૩૭, અંગ્રેજીમાં ૩૩ અને મેનેજમેન્ટમાં ૨૯ બેઠકો છે. કાયદામાં ૨૨, મનોવિજ્ઞાનમાં ૨૧, એજ્યુકેશનમાં ૨૦, અર્થશાસ્ત્રમાં ૧૯, ગુજરાતીમાં ૧૬ અને હિન્દીમાં ૧૨ બેઠકો જાહેર થઈ છે.

ગણિત, રૂરલ સ્ટડીઝ અને કમ્પેરેટિવ લિટરેચરમાં ૧૧-૧૧, જ્યારે ફિઝિક્સ, માઇક્રોબાયોલોજી અને ઓપ્ટોમેટ્રીમાં ૧૦-૧૦ બેઠકો છે. સમાજશાસ્ત્રમાં ૮, એચ.આર.ડી. અને લાઇબ્રેરી સાયન્સમાં ૭-૭, કોમ્યુનિટી મેડિસિન અને શારીરિક શિક્ષણમાં ૬-૬ બેઠકો છે. ઇતિહાસ, નર્સિંગ અને આંકડાશાસ્ત્રમાં ૪-૪, ફિઝિયોલોજીમાં ૩, એક્વેટિક બાયોલોજી અને પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં ૨-૨ તથા સોશિયલ વર્કમાં માત્ર ૧ બેઠક ફાળવવામાં આવી છે.

ભીનો અને સૂકો કચરો લોકો છૂટો કરતાં નથી ત્યાં હવે ચાર વર્ગીકરણના સપના

હવે સેનિટરી- ખાસ કાળજીવાળો કચરો પણ અલગ આપવો પડશે

૨૦ હજાર ચોરસ મીટરથી મોટા સંકુલોએ સ્થળ પર જ ભીના કચરાનો નિકાલ કરવો પડશે

૪૦ હજાર લિટર પાણી વાપરતા એકમો અથવા રોજ ૧૦૦ કિલોથી વધુ કચરો પેદા કરતા એકમો પણ આ દાયરામાં

ગાંધીનગર : ગુજરાતનાં શહેરોમાં સ્વચ્છતા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા હવે કચરાના નિકાલની પદ્ધતિમાં મોટો ફેરફાર કરવામાં આવી રહ્યો છે. ઘરોમાંથી નીકળતા કચરાને માત્ર ભીનો અને સૂકો એમ બે ભાગમાં નહીં, પરંતુ ભીનો, સૂકો, સેનિટરી અને ખાસ કાળજીવાળો એમ ચાર અલગ પ્રકારમાં વર્ગીકૃત કરીને જ ડોર-ટુ-ડોર કલેક્શન વાહનોને આપવો પડશે. ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ના અમલ સાથે રાજ્ય સરકારે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.

એટલું જ નહીં, મોટા રહેણાક સંકુલો, હોટેલો, કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને સંસ્થાઓએ નિર્ધારિત માપદંડ પૂર્ણ કરતા હોય તો પોતાના સ્થળે જ ભીના કચરાનું પ્રોસેસિંગ કરવું પડશે. બીજી તરફ, નાગરિકોની સ્વચ્છતા અંગેની ફરિયાદોનો ૨૪ કલાકમાં નિકાલ કરવા વોટ્સએપ હેલ્પલાઈન પણ કાર્યરત કરવામાં આવી છે.

ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ મુજબ ૧ એપ્રિલ, ૨૦૨૬થી અમલી બનેલી જોગવાઈઓ હેઠળ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં આવેલા મોટા કચરો ઉત્પન્ન કરતા એકમો (Bulk Waste Generators) માટે વિશેષ જવાબદારી નક્કી કરવામાં આવી છે. જે સંકુલો કે એકમો નીચેના ત્રણમાંથી કોઈ એક માપદંડ પૂર્ણ કરતા હોય તેમને આ નિયમો લાગુ પડશે જેમાં ૨૦ હજાર ચોરસ મીટર કે તેથી વધુ બિલ્ટ-અપ અથવા ફ્લોર એરિયા.- દરરોજ ૪૦ હજાર લિટર કે તેથી વધુ પાણીનો વપરાશ કરતા અને દરરોજ ૧૦૦ કિલોગ્રામ કે તેથી વધુ ઘન કચરાનું ઉત્પાદન કરતા એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે

આવા એકમોએ સ્થળ પર જ ભીના કચરાનું વિકેન્દ્રિત પ્રોસેસિંગ કરવાનું રહેશે, જ્યારે સૂકા કચરાનો નિકાલ નોંધાયેલી અથવા અધિકૃત એજન્સી મારફતે કરવાનો રહેશે. આ રીતે મોટા એકમો દ્વારા ઉત્પન્ન થતા કચરાનો બોજ શહેરોની સામાન્ય કચરા વ્યવસ્થાપન વ્યવસ્થા પર ન પડે તે દિશામાં આયોજન કરવામાં આવ્યું છે.

ઉધના સ્ટેશનનો હોલ્ડિંગ એરિયા લગ્ન સહિતના પ્રસંગો માટે ભાડે અપાશે

કથા-સત્સંગ, પ્રદર્શન સહિતના પ્રોગ્રામો માટે શહેરનું નવું ઈવેન્ટ વેન્યૂ બનશે

ઉધના સ્ટેશનનો હોલ્ડિંગ એરિયા ભાડે આપવાની કવાયત

સુરતઃ 17 દિવસમાં 3 લાખ મુસાફરોને સંભાળનારો ઉધના રેલવે સ્ટેશનનો હોલ્ડિંગ એરિયા હવે શહેરનું નવું ઈવેન્ટ વેન્યૂ બનશે. રેલવે હવે કથા-સત્સંગ, શાદી અને પ્રદર્શન જેવા આયોજનો માટે તેને ભાડે આપવાની તૈયારી કરી રહી છે.

દિવાળી અને છઠ પછીની ભીડ ઘટતાં જ આ હોલ્ડિંગ એરિયાને ખાલી રાખવાને બદલે ઓફ સિઝનમાં તેનો નવો ઉપયોગ કરવાની યોજના બનાવવામાં આવી છે. તેના માટે મુખ્યાલયથી મંજૂરી લેવાની કવાયત હાથ ધરાઈ છે. જોકે, તેના માટે ભાડું, બુકિંગ પ્રક્રિયા, સુરક્ષા અને સંચાલન અંગેની શરતો નક્કી કરવાની બાકી છે.13 હજાર ચોરસ મીટરમાં વિકસિત આ યાત્રી સુવિધા કેન્દ્રમાં એક સાથે 15 હજારથી વધુ લોકો રોકાઈ શકે છે. ગત 29 ઓક્ટોબરથી 14 નવેમ્બર વચ્ચે આ હોલ્ડિંગ એરિયાએ રેકોર્ડ 3 લાખથી વધુ મુસાફરોને સંભાળ્યા હતા. આથી પરિસરનો વધુ સારો ઉપયોગ થવાની સાથે રેલવેને વધારાની આવક મળવાની પણ શક્યતા છે.

ઉધના સ્ટેશનના આ હોલ્ડિંગ એરિયાની ખાસિયત તેનો વિશાળ વિસ્તાર અને આધુનિક સુવિધાઓ છે. અહીં પુરુષો માટે 10 વેસ્ટર્ન ટોયલેટ, 49 યુરિનલ, 16 ચેર બેસિન અને 6 બાથરૂમ છે. મહિલાઓ માટે 13 ટોયલેટ, 10 બોવલ બેસિન અને 4 બાથરૂમ બનાવાયા છે. તેના ઉપરાંત જંબો ફેન, પર્યાપ્ત લાઈટિંગ, સીસીટીવી કેમેરા, અનાઉન્સમેન્ટ સિસ્ટમ અને એરપોર્ટ જેવી તર્જ પર સાઈન બોર્ડ અને ઈન્ડિકેટર લગાવાયા છે. યોજના તૈયાર કરવા પર વિચાર-વિમર્શ ચાલુઉધના હોલ્ડિંગ એરિયામાં લાખો મુસાફરોને સફળતાપૂર્વક નિયંત્રિત કરવામાં આવ્યા છે. હાલમાં ભીડ ખતમ થઈ ચૂકી છે. મુસાફરોની સુવિધા એ પ્રાથમિકતા રહેશે. હાલમાં ઓફ સિઝનમાં જ્યારે મુસાફરોની ભીડ નથી હોતી, ત્યારે તેનો ઉપયોગ સામાજિક અને અન્ય ગતિવિધિઓના આયોજન માટે કરવાની શક્યતાઓ તપાસવામાં આવી રહી છે. આ દિશામાં યોજના તૈયાર કરવા પર વિચાર-વિમર્શ ચાલી રહ્યો છે.

ત્રણ વર્ષ બાદ હીરા ઝવેરાત ઉદ્યોગમાં તેજીનો માહોલ

સોનાના સ્ટડેડ જ્વેલરીની નિકાસમાં 36.98 ટકાની વૃદ્ધિ

દિવાળી પૂર્વે જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસમાં 34 ટકાનો ઉછાળો

સુરત : ત્રણ વર્ષની લાંબી મંદી પછી ચોથા વર્ષે 2026 માં હીરા - ઝવેરાત ઉદ્યોગમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે. ભારતના જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગ માટે ઓક્ટોબર મહિનો નિકાસની દૃષ્ટિએ ઉત્સાહજનક રહ્યો છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) દ્વારા જાહેર કરવામાં આવેલા નવેમ્બર 2026ના પ્રારંભિક વેપાર આંકડા મુજબ, ઓક્ટોબર 2026માં રત્ન અને આભૂષણોની કુલ નિકાસમાં ગત વર્ષના સમાન મહિનાની સરખામણીએ 34.01 ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. ઓક્ટોબરમાં કુલ નિકાસ 2917.92 મિલિયન અમેરિકી ડોલર નોંધાઈ હતી. ગત વર્ષે ઓક્ટોબરમાં આ નિકાસ 2177.42 મિલિયન ડોલર હતી.

જોકે, ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલથી ઓક્ટોબર સુધીના સાત મહિનાના સમયગાળામાં કુલ નિકાસમાં 7.28 ટકાનો વધારો નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન ભારતની જેમ્સ એન્ડ જ્વેલરી નિકાસ 17,222.50 મિલિયન ડોલર એટલે કે રૂ. 1,63,961.74 કરોડ સુધી પહોંચી છે. ગત વર્ષના સમાન ગાળામાં નિકાસ 16,053.32 મિલિયન ડોલર હતી.GJEPC દ્વારા કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલયને મોકલવામાં આવેલા અહેવાલમાં આ આંકડા રજૂ કરવામાં આવ્યા છે.

ઓક્ટોબર મહિનામાં જેમ્સ એન્ડ જ્વેલરીની કુલ આયાતમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. ઓક્ટોબર 2026માં આયાત 2432.40 મિલિયન ડોલર એટલે કે રૂ. 23,225.23 કરોડ નોંધાઈ હતી. ગત વર્ષના ઓક્ટોબરમાં 1308.82 મિલિયન ડોલરની આયાત થઈ હતી.

સ્ટડેડ ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં 36.98 ટકાની વૃદ્ધિ

જ્વેલરીની વિવિધ શ્રેણીઓમાં સ્ટડેડ ગોલ્ડ જ્વેલરીએ નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. એપ્રિલથી ઓક્ટોબર 2026 દરમિયાન સ્ટડેડ ગોલ્ડ જ્વેલરીની નિકાસ 4568.75 મિલિયન ડોલર રહી હતી. ગત વર્ષે આ નિકાસ 3335.33 મિલિયન ડોલર હતી. આમ, 36.98 ટકાનો વધારો નોંધાયો છે. ઓક્ટોબર મહિનામાં જ સ્ટડેડ ગોલ્ડ જ્વેલરીની નિકાસ 875.02 મિલિયન ડોલર રહી હતી, જે ગત વર્ષના સમાન મહિનાની સરખામણીએ 67.3 ટકા વધારે છે. સોનાના સાદા આભૂષણોની નિકાસમાં જોકે ઘટાડો નોંધાયો છે. એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન પ્લેન ગોલ્ડ જ્વેલરીની નિકાસ 2920.04 મિલિયન ડોલર રહી હતી, જે ગત વર્ષના 3105.21 મિલિયન ડોલર કરતાં 5.96 ટકા ઓછી છે.

કટ અને પોલિશ્ડ હીરાની નિકાસમાં ઘટાડો, આયાત વધી

સુરતના હીરા ઉદ્યોગ માટે મહત્ત્વના એવા કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડની નિકાસમાં એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન 4.5 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ સમયગાળામાં 6948.08 મિલિયન ડોલરના પોલિશ્ડ હીરાની નિકાસ થઈ હતી, જ્યારે ગત વર્ષે 7275.14 મિલિયન ડોલરની નિકાસ થઈ હતી. જોકે, નિકાસના જથ્થામાં વધારો થયો છે. ચાલુ વર્ષના સાત મહિનામાં 100.97 લાખ કેરેટ પોલિશ્ડ હીરાની નિકાસ થઈ હતી, જે ગત વર્ષના 94 લાખ કેરેટ કરતાં 7.41 ટકા વધારે છે. આ સમયગાળામાં પ્રતિ કેરેટ સરેરાશ નિકાસ મૂલ્ય 688.13 ડોલર નોંધાયું હતું. બીજી તરફ, કટ એન્ડ પોલિશ્ડ હીરાની આયાતમાં 48.01 ટકાનો વધારો નોંધાયો છે.

મિલો ઉત્પાદન અને ભાવની નવી વ્યૂહરચના ઘડવાની તૈયારીમાં

અમેરિકાના 25 ટકા દંડાત્મક ટેરિફથી સ્પિનિંગ ઉદ્યોગ પર સંકટનાં વાદળો

કપડા નિકાસ મોંઘી બનવાની ભીતિથી ભારતીય કાપડ ઉદ્યોગમાં સાવચેતીનો માહોલ

કોટન અને રિસાયકલ યાર્નની માંગ ઘટવાની આશંકા



સુરત : અમેરિકા દ્વારા 27 ઓગસ્ટ, 2025થી ભારતીય ઉત્પાદનો પર લાદવામાં આવેલા વધારાના 25 ટકા દંડાત્મક ટેરિફની અસર હવે ભારતીય ટેક્સટાઇલ ઉદ્યોગમાં વર્તાવા લાગી છે. ખાસ કરીને અમેરિકાના બજાર પર નિર્ભર કપડા નિકાસકારો, સ્પિનિંગ મિલો અને યાર્ન ઉત્પાદકો માટે આ ટેરિફ ચિંતાનો વિષય બન્યો છે. અમેરિકામાં ભારતીય કપડાં મોંઘાં બનવાની સંભાવનાને પગલે નિકાસના ઓર્ડરમાં ઘટાડો થવાની ભીતિ છે. તેની સીધી અસર યાર્નની સ્થાનિક માંગ પર પડી શકે છે.

ઉત્તર ભારતનાં કોટન યાર્ન બજારમાં હાલમાં ખરીદી ધીમી પડી છે અને વેપાર પ્રવૃત્તિ મર્યાદિત રહી છે. લુધિયાણા બજારમાં ગયા સપ્તાહે ભાવમાં નરમાઈ આવ્યા બાદ કોટન યાર્નના ભાવ સ્થિર રહ્યા હતા. જોકે માંગમાં ખાસ સુધારો જોવા મળ્યો નથી. કાપડ મૂલ્યશૃંખલાના ખરીદદારો નવી ખરીદી કરવાને બદલે હાલ રાહ જોવાની નીતિ અપનાવી રહ્યા છે.

વેપારીઓના જણાવ્યા મુજબ, અમેરિકાના વધારાના ટેરિફને કારણે ભારતીય કાપડની સ્પર્ધાત્મકતા ઘટશે. પરિણામે અમેરિકાના આયાતકારો અન્ય દેશો તરફ વળી શકે છે અથવા ભારતીય સપ્લાયરોને ભાવ ઘટાડવા દબાણ કરી શકે છે. આવી સ્થિતિમાં સ્પિનિંગ મિલોના નફાના માર્જિન પર પણ દબાણ વધવાની શક્યતા છે.

પાણીપતના રિસાયકલ યાર્ન બજારમાં પણ આવી જ સ્થિતિ છે. રિસાયકલ યાર્ન ઉપરાંત રિસાયકલ પોલિએસ્ટર ફાઇબર અને કોટન કોમ્બર જેવા કાચા માલના વેપારમાં સાવચેતી જોવા મળી રહી છે. ભારતીય હોમ ટેક્સટાઇલ અને હસ્તકલાની નિકાસને અસર થશે તો રિસાયકલ યાર્નનો વપરાશ પણ ઘટી શકે છે.

સમગ્ર ટેક્સટાઇલ વેલ્યુચેઇન માટે પડકાર

હાલમાં સ્પિનિંગ મિલો ભાવ ઘટાડવાનું ટાળી રહી છે અને બજારની સ્થિતિ સ્પષ્ટ થાય તેની રાહ જોઈ રહી છે. નિકાસમાં મંદી લાંબી ચાલશે તો યાર્નનો સ્ટોક વધવા, ઉત્પાદન નિયંત્રણ અને મિલોની કાર્યકારી મૂડી પર દબાણ વધવાની શક્યતા છે. આમ, અમેરિકાનો ટેરિફ માત્ર નિકાસકારો પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ સમગ્ર ટેક્સટાઇલ વેલ્યુચેઇન માટે પડકાર બની શકે છે.

અમદાવાદ, સુરત અને વડોદરાના સ્વચ્છતા સર્વેક્ષણના આંકડાથી કંઇ નહીં થાય

સ્વચ્છતા એવોર્ડના પ્રચારને બદલે જમીની હકીકત રજૂ કરો

નાગરિકોના પ્રતિસાદ અને જાહેર શૌચાલય પાછળના ખર્ચની વિગતો જાહેર કરવા કોંગ્રેસની માંગ

અમદાવાદ : સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં અમદાવાદ, સુરત અને વડોદરાને મળેલી સિદ્ધિઓની સરકાર દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. ત્રણેય શહેરોની જમીની હકીકતનો હિસાબ જાહેર કરી એવોર્ડ અને રેન્કિંગના પ્રચાર વચ્ચે અનેક વિસ્તારોમાં ગંદકી, દુર્ગંધ, પ્રદૂષણ અને અસ્વચ્છ જાહેર શૌચાલયોની સમસ્યાઓ યથાવત્ છે. સ્વચ્છતા સર્વેક્ષણના સંપૂર્ણ સ્કોરકાર્ડ, નાગરિકોના પ્રતિસાદ, કચરાના નિકાલ અને જાહેર સુવિધાઓ પાછળ થયેલા ખર્ચની વિગતો જાહેર કરવા કોંગ્રેસએ માગ કરી છે.

કોંગ્રેસે સર્વેક્ષણની વિશ્વસનીયતા અંગે સવાલ ઉઠાવી અમદાવાદ, સુરત અને વડોદરામાંથી કેટલા નાગરિકોએ પ્રતિસાદ આપ્યો, કેટલા પ્રતિસાદ ઓનલાઇન, QR કોડ અને એપ્લિકેશન મારફતે મળ્યા તથા ડુપ્લિકેટ પ્રતિસાદ અટકાવવા શું વ્યવસ્થા કરવામાં આવી તેની વિગતો જાહેર કરવાની માગ કરી હતી. સાથે જ ત્રણેય શહેરોના અલગ-અલગ સ્વચ્છતા સ્કોર અને મેદાની ચકાસણીનો અહેવાલ પણ જાહેર કરવા જણાવ્યું હતું.

અમદાવાદ અને સાણંદને 'સ્વચ્છ શહેર જોડી', સુરતને 'સુપર સ્વચ્છ લીગ'માં ટોચનાં ત્રણ શહેરોમાં સ્થાન અને વડોદરાને 'સ્ટેટ ફર્સ્ટ સ્વચ્છ સિટી' કેટેગરીમાં સ્થાન મળ્યું છે. આ અલગ-અલગ કેટેગરીનાં પરિણામોને એક જ પ્રકારની રાષ્ટ્રીય રેન્કિંગ તરીકે રજૂ કરવાં યોગ્ય નથી.

આ ઉપરાંત ભીનો અને સૂકો કચરો અલગ એકત્ર કરવાના દાવા સામે કેટલીક જગ્યાએ કચરાની ગાડીઓમાં બંને પ્રકારનો કચરો ભેળવાતો હોવાની ફરિયાદોનો ઉલ્લેખ કર્યો હતો. જાહેર શૌચાલયોની સફાઈ, પાણી અને જાળવણીની સ્થિતિ અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. એક શૌચાલયના સર્વે, ડિઝાઇન, મિનિએચર મોડેલ અને ડ્રોઇંગ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ દર્શાવાયો હોવાની વિગતો અંગે ટેન્ડર પ્રક્રિયા અને કોન્ટ્રાક્ટની માહિતી જાહેર કરવાની માગ કરી હતી.

કોંગ્રેસે સરકાર અને ત્રણેય મનપાઓ પાસે સ્વચ્છતા સર્વેક્ષણના સંપૂર્ણ સ્કોરકાર્ડ, વોર્ડવાર સ્વચ્છતા સ્કોર, નાગરિકોના પ્રતિસાદ, કચરાના વૈજ્ઞાનિક નિકાલ, જાહેર શૌચાલયોની સ્થિતિ, કોન્ટ્રાક્ટ અને ચૂકવણીની વિગતો સહિત નવ મુદ્દે ખુલાસો કરવાની માગ કરી છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

પાંચ મરઘા...

એક તરફ શહેરમાં વિકાસકાર્યો માટે જમીનની અછત અનુભવાઈ રહી છે, ત્યારે બીજી તરફ શહેરની વચ્ચોવચ આવેલી આ કીમતી જમીનનો યોગ્ય ઉપયોગ થતો નથી. પરિણામે સરકારી જમીનના ઉપયોગ અને જવાબદાર તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ટીપી-૫ (અઠવા-ઉમરા)ના ફાઇનલ પ્લોટ નં. ૨૩૦/એની આ જમીન વર્ષ-૧૯૬૪માં રેવન્યુ એન્ડ એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટ દ્વારા મરઘાં ઉછેર કેન્દ્ર સ્થાપવા માટે ફાળવવામાં આવી હતી. જોકે, સમયની સાથે શહેરનો વ્યાપ વધ્યો અને આ વિસ્તાર હવે શહેરના મધ્ય ભાગમાં આવી ગયો છે.

તેમ છતાં દાયકાઓ જૂના હેતુ માટે ફાળવાયેલી આ જમીનનો આજના સમયમાં કેટલો ઉપયોગ થઈ રહ્યો છે તે મોટો પ્રશ્ન બન્યો છે. દરમિયાન વર્ષ-૨૦૧૫માં સુરત મહાનગરપાલિકા દ્વારા આ જમીન ઇનડોર સ્ટેડિયમના વિસ્તરણ માટે અદલાબદલીથી ફાળવવા રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ ૧૧ વર્ષનો સમય વીતી જવા છતાં આ દરખાસ્તનો કોઈ આખરી નિર્ણય લેવાયો નથી. ગુજરાત રાજ્ય પશુપાલન નિયામક કચેરી દ્વારા જમીન ફાળવવા અંગે નકારાત્મક અભિપ્રાય આપવામાં આવ્યો હતો. નાયબ પશુપાલન નિયામક, ધનિષ્ઠ મરઘા વિકાસ ઘટક, સુરત દ્વારા પણ જમીન નહીં ફાળવવા પાછળ વિવિધ કારણો રજૂ કરવામાં આવ્યાં હતાં.

છ મહિના...

તરફ જીવનજરૂરી ખાદ્યચીજોના સતત વધતા ભાવને કારણે કેટરર્સ સંચાલકો માટે લગ્નપ્રસંગના મેનુના ભાવ નક્કી કરવા મુશ્કેલ બન્યા છે.

કેટરિંગ વ્યવસાય અને દક્ષિણ ગુજરાત કેટરર્સ એસોસિએશનના પ્રમુખ ધવલભાઈ નાણાવટીના જણાવ્યાં અનુસાર, ખાદ્યતેલ, શુદ્ધ ઘી, ખાંડ, વિવિધ પ્રકારનાં અનાજ, શાકભાજી, કરિયાણું, દૂધ અને તેની બનાવટો જેવી કે માવો, પનીર, ચીઝ ઉપરાંત મરી-મસાલા તથા ડ્રાયફ્રૂટ્સના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. તેના કારણે પ્રતિ ડિશ તૈયાર કરવાનો ખર્ચ 15થી 25 ટકા સુધી વધી ગયો છે. આ ઉપરાંત રસોઈયા, વેઇટર અને અન્ય કર્મચારીઓના મહેનતાણામાં પણ વધારો થતાં કેટરિંગનો એકંદર પડતર ખર્ચ ઊંચે ગયો છે. સૌથી મોટી મુશ્કેલી ચારથી પાંચ મહિના પહેલાં એડવાન્સ બુકિંગ કરાવી ચૂકેલા ગ્રાહકોને લઈને ઊભી થઈ છે. તે સમયે નક્કી થયેલા ભાવ અને હાલના બજારભાવ વચ્ચે મોટો તફાવત હોવાથી જૂના ભાવે ઓર્ડર પૂરો કરવામાં કેટરર્સને નુકસાન સહન કરવું પડે તેવી સ્થિતિ છે. જ્યારે ગ્રાહકો પાસેથી નવા ભાવ વસૂલવા જાય તો સંબંધોમાં રક્ઝક થવાની સંભાવના રહે છે. ખર્ચને નિયંત્રણમાં રાખવા માટે મેનુમાં વાનગીઓની સંખ્યા ઘટાડવા સહિતના વિકલ્પો હવે લોકો અપનાવી રહ્યા છે. જાન્યુઆરી મહિનામાં 15 દિવસ કમુરતાને બાદ કરતા આ વર્ષે દેવઉઠી એકાદશી બાદ અંદાજે 69 દિવસનો લગ્નગાળો હોવાથી કેટરિંગ સહિત લગ્ન સાથે સંકળાયેલા વિવિધ વ્યવસાયોને સારા વેપારની આશા છે. આ લગ્નગાળો માર્ચ મહિનાના મધ્ય સુધી ચાલવાનો હોવાથી આગામી દિવસોમાં કેટરિંગ વ્યવસાયમાં ધમધમાટ યથાવતતા જળવાઈ રહેશે.

